ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૫ જુલાઈ, ૨૦૨૫

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## ધર્મ પરાયણતા અને દિવ્યતા માટે જાણીતું

# દેદરડા

## નળ- દમયંતીના વનવાસની ગાથા સાથે સંકળાયેલા દેદરડાના નળવાળા તળાવ આસપાસ ગામ વસવાટનું તોરણ બંધાયું હતું

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાનુ દેદરડા ગામ ઉ.અ. 22⁰ 27⁰ પૂ. ર. રે. 72⁰ 54⁰ ઉપરનું બોરસદ રેલ્વે સ્ટેશનથી બે માઈલ દુર આવેલું છે. જ્યારે જિલ્લા મથક આણંદથી માત્ર 15 કિલોમીટરના અંતરે આવેલું છે. હાલમાં દેદરડા ગામનો સમાવેશ બોરસદ તાલુકામાં છે. પરંતુ વિધાનસભા વિસ્તાર પેટલાદ છે. છેલ્લા ચારેક દાયકાથી રાજકીય ગતિવિધિઓને કારણે ખુબ જ જાણીતું ગામ બન્યું છે. કારણકે આ ગામમા મતાધિકાર ધરાવતા રાજકીય આગેવાનોએ આણંદ જીલ્લા પંચાયતથી માંડીને છેક પાર્લમિન્ટ સુધી દેદરડા સહિત સમગ્ર બોરસદ તાલુકાનુ નામ જાહેર ક્ષેત્ર ચર્ચાના વમળોમાં કેન્દ્ર સ્થાન પર રહ્યું છે. જોકે દેદરડા ગામનું ભૌગોલિક અને ઐતિહાસિક મહત્ત્વ પણ વિશેષ રહ્યું છે. દેદરડા ગામના વસવાટ સંદર્ભે ગામના પીઢ આગેવાનો સાથે ચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ રાજા રજવાડાઓના જમાનામાં વર્તમાન દેદરડા ગામના પાદરમાં નળ-દમયંતી રોકાયા હતાંA. તેથી આ પાદરે આવેલા વિશાળ તળાવનુ નામ નળવાળા તળાવ અને ગામનું નામ દમયંતી પરથી સમયાંતરે દેદરડા નામ પડેલ છે.જે હાલમાં પ્રચલિત છે. નળ દમંયતીના રોકાણના સાક્ષી સમાન નળવાડા તળાવમાં જર્જરીત મંદિર ઘુમ્મટ વિનાનું હાલમાં પણ હયાત છે. કાળક્રમે વર્ષો વિત્યા તેમ માનવ વસાહત માટે ફેરફારો થતા રહ્યા છે. પરંતુ વર્તમાન સમયમાં સ્થાયી વસવાટ થયો છે. તે બાબત જાણકારી મુજબ દેવગઢ બારિયાનું આઠ ભાઈઓનું કુટુંબ ધંધા રોજગાર અને પારિવારિક કારણોસર પોતાના વતનમાંથી સ્થળાંતર કર્યું હતું. સ્થળાંતર માટે દેદરડા ગામના નળવાળા તળાવ આસપાસ સહિતના ખુલ્લી જગ્યામાં પ્રથમ વસવાટ કર્યો હતો. સ્થળાંતર કરીને આવેલા વ્યક્તિઓની જાતિ રઘનાથ બારૈયા હતી. તત્કાલીન સમયે માત્ર વીસ માણસોની વસ્તીથી શરૂ થયેલો માનવ વસવાટ હાલમાં પાંચ હજાર કરતાં વધુ વસ્તીનો થઈ ગયો છે. ગામમાં સોલંકી, બ્રાહ્મણ, પટેલ, ઠાકોર, પરમાર, વાણિયા, પ્રજાપતિ, રબારી, પઢિયાર, રોહિત, પંચાલ, વણકર, હરિજન વગેરે જાતિના લોકો ખૂબજ પ્રેમ, સંપ અને સહકારથી રહે છે. ગામના લોકોમાં ધાર્મિક વાતાવરણ પુરૂ પાડવા રામજી મંદિર, જલારામ મંદિર, મહાદેવનું મંદિર, સ્વામિનારાયણ મંદિર અને અન્ય મંદિરો આવેલા છે.




## સૌથી વધુ પૌરાણિક ભોરિંગનાથ મહાદેવ મંદિરનું વિક્રમ સવંત 1212ના સમયગાળામાં નિર્માણ થયું છે




**વણઝારા લોકોએ મહાદેવના મંદિરનું ઘુમ્મટવાળું મંદિર બનાવ્યું હતું. તેના ઘુમ્મટના પથ્થર હાલ પણ ચણતર સિવાય ગોઠવેલા છે**

દેદરડા ગામમાં સમયાંતરે દાતાઓની સખાવત તેમજ ગામના લોકોના નાના મોટા લોકફાળો એકત્ર કરીને નાના મોટા 15 કરતાં વધુ દેવ મંદિરો નિર્માણ થયેલા છે. આ તમામ દેવ મંદિરોમાં નિયમિત પુજન અર્ચન અને દર્શન વિધિ કાર્યક્મ નિશ્ચિત થયેલા છે. વર્ષ દરમિયાન નિયત થયેલા ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. ગામમાં સૌથી પ્રાચીન આસ્થા સ્થાન ભોરિંગ નાથ મહાદેવ અંગેની લોકકથાઓ મુજબ વિક્રમ સંવત 1212 દરમિયાન વણઝારા જાતિ લોકોના ગાયના સમુહમાંની એક ગાય ધ્વારા દેદરડાના ગામના જ નિર્મિત મંદિરના સ્થાનની ખુલ્લી જગ્યામાં દૂધ ધારા આપોઆપ થતી હતી. વણઝારા લોકો એ અચરજતાથી આ સ્થળ પર ખોદકામ કરતાં ત્યાં ખંડિત શિવલિંગ નીકળ્યુ હતું. વણઝારા લોકોએ મહાદેવના મંદિરનું ઘુમ્મટવાળું મંદિર બનાવ્યું હતું. તેના ઘુમ્મટના પથ્થર હાલ પણ ચણતર સિવાય ગોઠવેલા છે. ગામમાં ભોરિંગ નાથ મહાદેવ મંદિર તેમજ બળીયા દેવ મંદિર, વહેરાઈ માતાજી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર વગેરે મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## દેદરડા ટાઉન ટોક

### દેદરડા ગામનો પરિચય

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1099 |
| કુલ વસ્તી | 5181 |
| કુલ પુરૂષો | 2671 |
| કુલ સ્ત્રીઓ | 2510 |

### સાક્ષરતા દર

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 82.44 |
| પુરૂષ સાક્ષરતા દર | 93.05 |
| સ્ત્રી સાક્ષરતા દર | 71.26 |

### ખેડૂતો

| | |
|---|---|
| ખેડૂતો | 567 |
| ખેત મજૂર | 748 |
| સીમાંત વર્ગ | 818 |

### બીપીએલ

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 222 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 627 |

### પશુધન

| | |
|---|---|
| પશુધન | 1648 |
| ગાય | 525 |
| ભેંસ | 1120 |
| અન્ય | 03 |

### જમીન ક્ષેત્રફળ

638 હેક્ટર 9 આરે 32 ચો. મી.
ગૌચર 4 હેક્ટર 62 આરે 36 ચો.મી.

### વાવેતર વિસ્તાર

363 હેક્ટર 67 આરે 3 ચો.મી.

### સિંચાઈ વ્યવસ્થા

મુખ્ય સ્ત્રોત :

| | |
|---|---|
| કેનાલ | 640 હેક્ટર 67 આરે 03 ચો.મી |
| કુવા/ટ્યુબવેલ | 280 હેક્ટર 57 આરે 00 ચો.મી. |

### શૈક્ષણિક સગવડ

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 788 |
| આંગણવાડી | 07 |

### આરોગ્ય સુવિધા

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

### વીજળીકરણ

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1160 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 46 |
| ખેતી વિષયક જોડાણ | 74 |

### એલપીજી ગેસ વ્યવસ્થા

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 670 |

### સખી, સ્વસહાય જુથ

| | |
|---|---|
| સખી મંડળોની સંખ્યા | 29 |
| સ્વસહાય જુથ | 01 |
| જોબ કાર્ડ પરિવાર | 500 |

### રસ્તાની સુવિધા

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### યોજનાકીય લાભાર્થીઓ

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 33 |
| વિધવા સહાય | 150 |
| સ્વાસ્થ્ય વિમા | 00 |